# શિહોલી પાસે ટેન્કરની ટક્કરથી બાઈક પર સવાર બે યુવાનના મૃત્યુ

## ચૈતન્યધામ જૈન મંદિરના બંને સેવકો બાઈક લઈને સગડી રીપેરીંગ કરાવવા ચિલોડા જવા નીકળ્યા હતા ત્યારે પાછળથી ધસમસતા આવેલા ટેન્કરે અકસ્માત સર્જ્યો : બંનેના ઘટનાસ્થળે મૃત્યુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક દશેલા ગામની સીમમાં સ્થિત ચૈતન્યધામ જૈન મંદિરમાં કામ કરતા બે યુવાનો આજે બપોરે બાઈક લઈને સગડી રીપેરીંગ કરાવવા ચિલોડા તરફ જવા નીકળ્યા હતા. ત્યારે પાછળથી બેફામ ગતિ નિકળેલા ટેન્કરચાલકે શિહોલી ગામની સીમમાં હાઈવે પર બાઈકને જબરદસ્ત ટક્કર મારતા બન્ને બાઈક સવાર યુવાનોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મૃત્યુ નિપજ્યા છે. ચિલોડા પોલીસે ટેન્કર ચાલક સામે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી ફરાર થઈ ગયેલા ટેન્કર ચાલકની શોધખોળ શરૂ કરી છે. તો બીજી તરફ ચૈતન્યધામ જૈન મંદિરમાં આ બનાવથી શોકનો માહોલ છવાઈ ગયો છે.

ચૈતન્યધામ જૈન મંદિરમાં સેવા પૂજા સહિતનું કામ કરતાં મુળ મધ્યપ્રદેશના ૨૩ વર્ષિય યુવાન અનેકાન્ત પ્રવિણકુમાર જૈન તથા ધણપ ગામનો રહેવાસી અને જૈન મંદિરમાં બાગ-બગીચાની જાળવણીનું કામ કરતો ૨૧ વર્ષિય કલ્પેશજી ભુપતજી ઠાકોર આજે બપોરના અરસામાં ચૈતન્ય ધામમાંથી બાઈક લીને સગડી રીપેરીંગ કરાવવા માટે મોટા ચિલોડા તરફ જી રહ્યા હતા. ધણપ-મહુન્દ્રા વચ્ચે શિહોલી મોટી ગામની સીમ પાસે હાઈવે પર બન્ને બાઈક પર પહોંચ્યા હતા ત્યારે પાછળથી બેફામ ગતિ આવેલા ટેન્કર નં. જીજે-૧-વી-૩૭૫૪ ના ચાલકે બાઈકને અડફેટે લઈ લેતા બાઈક સાથે બન્ને યુવાનો ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા અને ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળ પર જ બન્ને યુવાનોના કરૂણ મૃત્યુ નિપજ્યા હતા. તો બીજી તરફ ટેન્કર મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે ટેન્કર ચાલક સામે ગુનો નોંધી બન્ને મૃતદેહ પી.એમ. કરાવી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

## ગણેશોત્સવ નિમિત્તે આજના કાર્યક્રમો

- સે-૨૨ના રંગમંચ ખાતે આયોજિત સાર્વજનિક ગણેશોત્સવમાં રાત્રે ૮.૩૦ વાગે નહેરુ યુવા કેન્દ્રના સૌજન્યથી સુપ્રસિધ્ધ જાદુગર ડી. લાલનો જાજરમાન જાદુનો કાર્યક્રમ યોજાશે.
- સે-૩ ભુવનેશ્વર મહાદેવ ખાતે આયોજિત ગણપતિ મહોત્સવમાં આજે રાત્રે ૮.૩૦ વાગે સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર સાંઈરામ દવેનો કાર્યક્રમ રજૂ થશે.
- સે-૩-ડી ખાતે યોજાયેલ ગણેશ મહોત્સવમાં આજે રાત્રે ૮.૩૦ વાગે મિમીક્રીનો કાર્યક્રમ યોજાશે જેમાં જીતેન્દ્ર ઠકકર અને કૃષ્ણવદન ઠકકર તથા જુનિયર જહોની લીવર અને જુનિયર દેવ આનંદ મિમિક્રી રજૂ કરશે.
- સે-૨-સીમાં આયોજિત ગણપતિ ઉત્સવમાં આજે રાત્રે ૯ વાગે અશ્વિન પાઠકના લાઈવ સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

## આજે જલારામ સેવા સમાજની સભા મળશે

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તા. ૩૧-૮-૨૦૧૪ ને રવિવારના રોજ બપોરે ૩ કલાકે સંતવાણી સત્સંગ હોલ, શ્રી જલારામ ધામ, સે-૨૯, ગાંધીનગર ખાતે મળનાર છે.



ગાંધીનગર સર્વત્ર ગણેશમય બની ગયું છે. મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર દ્વારા પરંપરાગત રીતે વર્ષોથી ગણેશ સ્થાપના અને ઉત્સવ ઉજવાય છે. આજે પ્રથમ દિવસે શોભાયાત્રા સહ વિધ્નહર્તાની ધામધુમથી 'નાશિક ઢોલ'ના તાલ સાથે સ્થાપના કરાઈ હતી અને દાદાની આરતી ઉતારવા મહાનગર પાલિકાના સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન આશિષભાઈ દવે ખાસ પધાર્યા હતા. ભકિતભાવભર્યા મહાલોમાં શરૂ થયેલાં આ ઉત્સવમાં સાતે દિવસે ગાંધીનગરનાં વિવિધ મહાનુભાવો મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર ખાતે આરતી ઉતારવાં પધારશે.

## શહેરમાં એર રાઈફલ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાયફલ એસોસિએશન આગામી તા. ૬ અને ૭ સપ્ટેમ્બરના રોજ સ્વામી વિવેકાનંદ વિદ્યાલય સેક્ટર-૧૨ ખાતે એર રાયફલ શુટીંગ સ્પર્ધા યોજશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળા કોલેજના વિદ્યાર્થીઓએ તા. ૧ સપ્ટેમ્બર સુધી પ્લોટ નં. ૨૯૭, સેક્ટર-૧-સી ખાતે પ્રમુખ મહેશભાઈ પાસે નામ નોંધાવી જવું. સ્પર્ધા પાંચ વિભાગમાં યોજવામાં આવશે. જેમાં જુનિયર સબ જુનિયરમાં ધોરણ-૫ થી ૮, જુનિયરમાં ધોરણ-૯ થી ૧૦ સિનિયરમાં ધોરણ-૧૧ થી ગ્રેજ્યુએટ તેમજ ૨૧ વર્ષથી વધુ વયના ભાઈઓ બહેનોની અલલ વિભાગની સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં જોડાવા ઈચ્છુક સ્પર્ધકોએ વહેલી તકે રજીસ્ટ્રેશન કરાવવા પ્રમુખે જણાવ્યું છે.

## ચિલોડા પોલીસે એક જ દિવસમાં ત્રણ સ્થળેથી દારૂ પકડયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક સ્થિત ચિલોડા સર્કલ પાસેથી એક રાજસ્થાની શખ્સને દારુની પેટી સાથે, શિહોલી મોટી ગામના એક મકાનમાંથી અને બાઈક પર બિયર લઈને જતા એક શખ્સને બિયર સાથે મળીને ત્રણ સ્થળેથી ચિલોડા પોલીસે એક જ દિવસમાં દારુ પકડયો હતો. વિવિધ ગુનાઓ દાખલ કરીને ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પોલીસે બાતમીને આધારે ગઈ કાલે ત્રણ અલગ અલગ દારુના કેશ કર્યા હતા. જેમાં ચિલોડા સર્કલ પાસેથી બ્લેન્ડર પ્રાઈડની એક પેટી (૧૨ નંગ) વિદેશી દારુની બોટલો લઈને જતો રાજસ્થાની શખ્સ ભેરૂલાલ ધનેશ્વર ડામોર પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. રૂ. ૮૪૦૦નો દારૂ કબ્જે લઈ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી. તો બીજી તરફ બાઈક નં. જીજે ૧૮ કે ૬૫૮૫ લઈને નીકળેલો એક યુવાન શખ્સ તેની સાથે બિયરના ત્રણ ટીન લઈને નીકળ્યો હોવાની બાતમીને આધારે પોલીસે તેને પણ બાઈક સહિત રૂ. ૨૫૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. તે ઉપરાંત શિહોલી મોટી ગામમાં રહેતા બાબુ બળદેવજી ઠાકોરના ઘરે વિદેશી દારુ હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે રેડ કરીને ઘરેથી એક બોટલ પકડી પાડી તેની ધરપકડ કરી લીધી હતી.

## સે. ૨૨ના ગણેશોત્સવમાં માનવમેદની ઉમટી

### કડી કેમ્પસની શાળાઓના બાળકોએ અદ્ભૂત સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે આયોજિત સાર્વજનિક ગણેશોત્સવમાં ગઈકાલે રાત્રે કડી કેમ્પસની શાળાઓ દ્વારા અદ્ભૂત નૃત્યોસભર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના ગૃહ વિભાગના અગ્ર સચિવ એસ.કે. નંદા ઉપસ્થિત રહ્યા હતા. અને તેમણે બાળકોની પ્રસ્તુતિને પ્રસંશાથી વધાવી હતી.

એસ.કે. નંદાએ તેમના પ્રસંગોચિત ઉદ્બોધનમાં બાળકોને ગણેશજીમાંથી માતા-પિતાના આજ્ઞાંકિત બનવાની પ્રેરણા લેવા જણાવ્યું હતું. તેમણે જીવનમાં આવતા વિઘ્નોને દૂર કરવા ગણપતિની ભક્તિ અનિવાર્ય હોવાનું જણાવતા વિદ્યાર્થીઓને પ્રગતિની કેડી પર સફળતાનો માર્ગ કંડારવા ગણેશજીની ભક્તિ સાથે મહેનતની શીખ આપી હતી. આ પ્રસંગે ગણેશોત્સવ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે પણ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની મહેનતના વખાણ કર્યા હતા. તેમણે કડી કેમ્પસની શાળાઓના સંચાલકોને આ સુંદર કાર્યક્રમ આપવા બદલ આભાર માનતા શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આ કાર્યક્રમનું સુંદર સંચાલન ચેતના બુચે કર્યુહતુ અને કાર્યક્રમને માણવા હકડેઠઠ માનવ મેદની ઉમટી પડી હતી.

## ક-૭ થી રાંધેજા રોડ પર પદયાત્રિકો માટે મહાકાલી મહાપ્રસાદ સેવા કેન્દ્ર શરૂ થશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના ક રોડથી રાંધેજા રોડ પર અંબાજી પદયાત્રા જતા માઈ ભકતોની સેવાર્થે મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો શુભારંભ શ્રી શ્રી ૧૦૮ શ્રી વૈરાગ્યનંદગીરીજીના વરદ હસ્તે કરવામાં આવશે.

૧લી સપ્ટેમ્બરના રોજ ઉગતા સૂર્યની સવારે ૮.૩૦ કલાકે મહાકાળી માતાજીના મંદિર પાસે રાંધેજા રોડ પર પદયાત્રિકો માટે સેવા કેન્દ્રને ખુલ્લુ મુકવામાં આવશે. સેવા કેન્દ્ર ૧લી થી ૪થી સુધી અવિરત ચાલુ રહેશે. સેવા કેન્દ્રનું ઉદઘાટન શ્રી શ્રી ૧૦૮ શ્રી વૈરાગ્યનંદગીરીજીના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે અમૃજી ઠાકોર એડવોકેટ એન્ડ નોટરી ઉપસ્થિત રહેશે.

તેમજ રોજ રાત્રે ૯-૦૦ વાગે જાણીતા કલાકરોના કલાવૃંદ દ્વારા રાસ ગરબા યોજાશે. તા. ૧લીના રોજ જુગલબંધી ગ્રુપ પેથાપુર, ૨જીના રોજ રતનસિંહ વાઘેલા ગાયક અને અભિનેતા અને ૩જીના રોજ પ્રકાશ રાઠોડ, હરેશ રાઠોડ ગ્રુપ દ્વારા રાસ ગરબાની ધુમ મચાવાશે.

## આજે સચિવાલય જિમખાનાની વાર્ષિક સામાન્ય સભા યોજાશે

સચિવાલય જિમખાના, સેક્ટર-૨૧ની વર્ષ ૨૦૧૩-૧૪ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તા. ૩૧-૮-૧૪ ને રવિવારે સવારે ૧૦ કલાકે જિમખાના ખાતે કરવામાં આવ્યું આવ્યું છે. આ વાર્ષિક સામાન્ય સભામાં જિમખાનાના તમામ સભ્યોએ અચૂક હાજર રહેવા માનદ મંત્રી એચ.ડી. સેઈલરે વિનંતી કરી છે. આ સભા પૂર્ણ થયા બાદ સભ્યો માટે ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

## જ-માર્ગ પર અજાણ્યા વાહનની અડફેટે સે. ૨ ના આધેડનું મૃત્યુ

### અકસ્માત સર્જીને વાહન સાથે આરોપી ચાલક પળવારમાં ફરાર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના રાજમાર્ગ ગણાતા જ-માર્ગ પર ગઈકાલે સાંજના અરસામાં અજાણ્યા વાહનનાં ચાલકે ત્યાંથી પસાર થઈ રહેલા સેક્ટર-૨ ના આધેડ વયના રહિશને અડફેટે લઈ લીધા હતા. આધેડને ગંભીર હાલતમાં ગાંધીનગરની હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. મૃતકના દિકરાની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત થતી વિગત મુજબ શહેરના સેક્ટર-૨-ડી પ્લોટ નં. ૧૦૫૧/૧ માં રહેતા પરશોત્તમાઈ ધનાભાઈ પ્રજાપતી ગઈકાલે સાંજના અરસામાં જ-માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન જ-માર્ગ પર બેફામ ગતિ નિકલેલા અજાણ્યા વાહનચાલકે સેક્ટર-૧ ના તળાવની સામેના માર્ગ પર પરશોત્તમભાઈને અડફેટે લઈ લીધા હતા અને પળવારમાં જ વાહન સાથે આરોપી ચાલક ફરાર થઈ ગયો હતો. તરફડીયા મારી રહેલા પરશોત્તમભાઈને ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી સે. ૭ પોલીસે મૃતકના દિકરા પ્રવિણ પ્રજાપતીની ફરીયાદને આધારે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધીને આરોપી સુધી પહોંચવા ઊંડી તપાસ શરૂ કરી છે.

## શ્રી જય અંબે પરિવાર અંબાજીની ૨૬મી પદયાત્રાનું સેક્ટર-૧૩માંથી પ્રસ્થાન

ગાંધીનગર, તા. ૩૦

શ્રી જય અંબે પરિવાર-ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રચનાત્મક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન ધર્મપ્રેમી જનતાના સહકાર અને માર્ગદર્શનથી કરવામાં આવે છે. જેના ભાગરૂપે પ્રતિ વર્ષે ભાદરવા માસમાં ગાંધીનગરથી અંબાજીની પદયાત્રાનું આયોજન જગતજનની મા જગદંબાની કૃપાદષ્ટિ અનો પદયાત્રીઓના અનેરા સથવારે કરવામાં આવે છે. તે પ્રમાણે આ વર્ષે પણ ભાદરવા સુદ-૫ ને શનિવાર, તા. ૩૦-૮-૧૪ ના રોજ સવારના ૮.૩૦ કલાકના શુભ મુહૂર્તે માતાજીની પવિત્ર ધજા તથા રથમાં બિરાજમાન મા જગદંબાનું પૂજન કરી, સેક્ટર-૧૩-બી ના શક્તિચોકમાંથી માતાજીના નિશાન-ધજા તથા સુંદર કલાત્મક રથ સાથે ૩૦૦ પદયાત્રી ભાઈ-બહેનો અને તેમને શુભેચ્છાઓ પાઠવવા તથા માતાજીના દર્શનાર્થે પધારેલ ધર્મપ્રેમી જનતાના 'બોલ માડી અંબે જય જય અંબે'ના જય ઘોષ સાથે સતત ૨૬મી પદયાત્રાનો પ્રારંભ થયો. આગામી દિવાળી પછી ત્રીજથી શરૂ થનાર 'રજત જયંતી મહોત્સવ'ની ઉજવણી માટે 'મા'ની કૃપા યાચના માટે આ વર્ષે અંબાજીમાં 'મા'ના મંદિરના શિખરે બાવન ગજની ધજા ચડાવવામાં આવશે.

## વયનિવૃત્ત થયેલા અધિકારીઓ કર્મચારીઓને સન્માનવા વિભાગોમાં વિદાય સમારંભો યોજાયા

ગાંધીનગર, તા. ૩૦

સચિવાલયના વિભાગોમાં આજે વિદાય સમારંભો યોજાયા હતા. અને નિવૃત્ત અધિકારીઓ કર્મચારીઓને વિદાય માન આપવામાં આવ્યું હતું.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયના વિભાગો ઉપરાંત જિલ્લાની સરકારી કચેરીઓમાંથી આજે ઘણા અધિકારીઓ કર્મચારીઓ વયનિવૃત્ત થયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયના મહેસૂલ વિભાગ કૃષિ અને સહકાર વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ સહીતના કેટલાક વિભાગોમાં પાંચ થી વધુ અધિકારીઓ કર્મચારીઓ વય નિવૃત્ત થયા છે.

આજે વયનિવૃત્ત થયેલા અધિકારીઓ કર્મચારીઓને વિદાય આપવા સમારંભો યોજવામાં આવ્યા હતા. જેમાં વય નિવૃત્ત થયેલા અધિકારીઓ કર્મચારીઓ ભેટ અને શુભેચ્છાઓ પાઠવીને સન્માન કરી ભવ્ય વિદાયમાન આપવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે પણ સચિવાલયના વિભાગોના જે અધિકારીઓ કર્મચારીઓ વયનિવૃત્ત થતાં હોય તેમને સ્મૃતિચિહ્ન આપીને સન્માન કરીને વિદાયમાન આપવાનો પણ નિર્ણય લીધો હતો. જે અંતર્ગત સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પણ વિદાય સમારંભ યોજવામાં આવે છે.

## સે-૧૪માં સુંદરકાંડ પાઠ અને આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૧૪માં ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા આનંદનો ગરબો અને સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આજે રવિવાર રાત્રે ૮.૩૦ કલાકે ગણેશ મહોત્સવ સમિતિ સે-૧૪ ખાતે ગોસ્વામી દિલીપભારતી ગુરુજી અને બાળ કિર્તનકાર ગોસ્વામી હિરલની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે. તેમજ પ્લોટ નં. ૧૬/૨ સે-૧૪ મહાત્મા મંદિર પાસે આનંદનો ગરબો યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભકતજનોને લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે જિલ્લાકક્ષાની નેશનલ સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે આજે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ-૨૦૧૪ અંતર્ગત જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજવામાં આવી હતી. જિલ્લાની ૧૨ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબર સેક્ટર-૫ ની પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓના નાટકને મળ્યો હતો.

નગરમાં વિજ્ઞાનક્ષેત્રે નામના મેળવેલ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બાળકોને વિજ્ઞાનલક્ષી પ્રયોગો કરાવવામાં આવે છે. ત્યારે આજે સેન્ટર ખાતે વિજ્ઞાનલક્ષી વિષય પર જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે નગરના જાણીતા ટીવી કલાકાર હસમુખ મેકવાન અને ભીખુ કવિ, રેડિયો અને ટીવી કલાકાર ઉપસ્થિત રહ્યા હતા.

ડ્રામા સ્પર્ધામાં જિલ્લાની ૧૨ શાળાના વિદ્યાર્થીઓએ અલગ-અલગ નાટકો રજુ કર્યા હતા. જેમાં પ્રથમ નંબરે પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ રજુ કરેલી 'આજની સજજતા આવતી કાલનું સુખ' નાટકને આપવામાં આવ્યો હતો. બીજુ સ્થાન જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય સેક્ટર-૭ની કૃતિ 'પર્યાવરણ બચાવો પ્રદૂષણ ભગાવો' અને ત્રીજો નંબર આજોલની કન્યા વિનય મંદિર સંસ્કાર તીર્થ દ્વારા રજૂ કરાયેલ 'અક્ષય ઉર્જાનો ઉપયોગ' કૃતિને આપવામાં આવ્યો હતો.

સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવેલ પ્રેરણા વિદ્યાલય રાજયકક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને હરિશ માજીરાણા દ્વારા કરવામાં આવ્યું હતું.




# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૨

સૂર્યાસ્ત : ૬.૫૮

## તાપમાન

મહત્તમ : ૨૯.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા

વરસાદ - સવારે ૨૭ મી.મી.

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

રાજા નટવરલાલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાજા નટવરલાલ : ૧૨.૩૦

સિંઘમ રિટર્ન્સ : ૩.૪૫, ૯.૪૫

મર્દાની : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૧૧.૦૦, ૩.૪૫, ૮.૦૦

ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૧.૪૫, ૬.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

રાજા નટવરલાલ : ૧૦.૦૦

મર્દાની : ૧.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૦૦

પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦

રભાસા (તેલુગુ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫

મર્દાની : ૧૦.૦૦ (નાઈટ)

ટ્રીપ ટુ ભાનગઢ : ૧૦.૦૦ (મોર્નિંગ)

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રાજા નટવરલાલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

નવેમ્બર મેન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

સિંઘમ રિટર્ન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :

આપણે તો ધીરુભાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦

ટ્રીપ ટુ ભાનગઢ : ૧૨.૩૦, ૧૦.૦૦

મર્દાની : ૩.૦૦, ૮.૦૦

## આપની આજ

**મેષ** : આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું.

**વૃષભ** : નિર્ણયો ખાનગી રાખવા જરૂરી છે. મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. કામકાજની સ્થિતિ લાભદાયક રહેશે. શત્રુ પરાસ્ત થશે,

**મિથુન** : પ્રયાસ કરવાથી અટકેલા પૈસા મળવાની શકયતા. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. જોખમ, જવાબદારીના કામોમાં સાવચેતી રાખવી. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**કર્ક** : મિત્રો સાથે સમય પસાર થશે. આર્થિક રોકાણ વિચારીને કરવું. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

**સિંહ** : કોઈ પ્રિય વ્યક્તિથી ભેટ થઈ શકે છે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. સંતાન સંબંધી કાર્યોમાં ઉન્નતિ થશે. કુટુંબમાં વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટે.

**કન્યા** : સ્થાયી સંપત્તિ ખરીદની સંભાવના છે. જીવનસાથીથી સંબંધોમાં પ્રગાઢતા આવશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**તુલા** : ઋણ લેવું પડી શકે છે. કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન રહે. નવા સંબંધો લાભદાયક રહેશે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**વૃશ્ચિક** : કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે.

**ધન** : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. નોકરીમાં અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**મકર** : સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મમાં આકર્ષણ વધશે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**મીન** : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. પરસોત્તમભાઈ ધનાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૦૫૧, સેક્ટર-૨ડી, ગાંધીનગર
- સ્વ. વિહાજી વાઘાજી ઠાકોર (ઉ.વ.૫૨) મુ. પોર, તા.જી. ગાંધીનગર
- સ્વ. ચંચીબેન મેરાજી ઠાકોર (ઉ.વ.૯૭) ગામ - ફતેપુરા, પેથાપુર, તા.જી. ગાંધીનગર.